**શ્રી એસ.ડબલ્યુ.વાઘ,ઓથોરીટી અંડર ધી પે. વે. એકટ, સુરત સમક્ષ.**

**પગાર ધારા અરજી નં. ૩૦૮/૨૦૧૦.**

**અરજદાર :–** શ્રીમતી ઉર્મિલાબેન રાણા તથા પરિશિષ્ટ મુજબના કામદારો
% દક્ષિણ ગુજરાત કામદાર એસોસીએશન,
સુરત સીલ્ક મીલ્સ કામદાર સંઘ,
નવસારી બજાર, બંબાગેટની સામે, સુરત.

**વિરુદ્ધ.**

**સામાવાળા :–** વ્યવસ્થાપક/પ્રોપાઈટરશ્રી,
ન્યુ રાજલક્ષ્મી પ્રિન્ટસ પ્રા.લી.(ન્યુ)નવી,
ઠે. પ્લોટ નં.૨૪૬/૧, પાંડેસરા, જી.આઈ.ડી.સી.,સુરત.

**પ્રતિનિધિત્વ :–** અરજદાર તરફે ....પ્રતિનિધિ શ્રી હરીશભાઈ રાણા,
સામાવાળા તરફે .. વિ.વ. શ્રી હર્ષદભાઈ પંડયા.

**–: ચુ કા દો:–**

અરજદારોએ આ અરજી પગાર ચુકવણી અધિનિયમ,૧૯૩૬ની કલમ–૧૫ની જોગવાઈ અન્વયે કરી તેઓની લેણી રકમ રૂા.૨૪,૪૫,૯૫૦/– સામાવાળાએ ગેરકાયદેસર રોકી રાખેલ હોય સદરહું રકમની દશ ગણી રકમ વળતર પેટે અરજી ખર્ચ સહીત ચુકવી આપવા સામાવાળાને હુકમ કરવાની દાદ માંગી છે.

૨. અરજદારોની અરજીની ટૂંક હકિકત જોઈએ તો, પરિશિષ્ટ મુજબના કામદારો યુનીયનના બોનાફાઈડ સભ્યો છે. સામાવાળાની સંસ્થામાં મોટા પાયે આર્ટ સીલ્ક કાપડ

પ્રોસેસ કરવાનો ઉદ્યોગ ચાલે છે. તેની ઉત્પાદન પ્રક્રિયામાં આશરે ૩૦૦ થી વધુ કામદારો કામે રોકાયેલા છે સામાવાળાને મજૂર કાયદાઓ લાગુ પડે છે તેનું પાલન કરવાની સામાવાળાની જવાબદારી અને ફરજ છે. પરિશિષ્ટમાં જણાવેલ કામદાર સામાવાળા સંસ્થામાં વર્ષો, હોદ્દા અને પગારથી  પ્રમાણિકતા અને નિષ્ઠાથી નોકરી કરતા આવેલા છે અને તેઓ વચ્ચે કામદાર માલીકના સંબંધો છે, અને અરજદારોએ સામાવાળા સંસ્થામાં પ્રત્યેક વર્ષમાં ર૪૦ દિવસ કરતાં વધારે દિવસો ફરજ બજાવેલ છે.કામદારોની નિમણુંક તથા કામની સોંપણી અને પગારની ચુકવણી શેઠશ્રી અક્ષયભાઈ તથા રમેશભાઈ તથા કોન્ટ્રાકટર શ્રી સુધીરભાઈ કરતા આવેલા છે. સામાવાળા કામદારને હાજરીકાર્ડ, પગારસ્લીપ, હકરજા, ઓવરટાઈમ કામનો પગાર વિગેરે તેમજ કાયદા મુજબના હકકો અને લાભો આપતા ન હતા.ઉપરોકત કાયદેસરના લાભોની માંગણી અવાર નવાર કરવા છતાં સામાવાળાએ સદર લાભો આપવાનો ઈન્કાર કરેલ છે.અરજદારોએ કાયદેસરના લાભોની તથા મે,જુન–ર૦૧૦ સુધીના બાકી પગારની માંગણી કરતાં સામાવાળાએ ઉશ્કેરાઈ જઈ કિન્નાખોરી રાખી કોઈ પણ જાતની શોકોઝ નોટીસ કે ચેતવણી નોટીસ આપ્યા વગર કે ખાતાકીય તપાસ કર્યા વગર મૌખીક હુકમથી તા. ર૬/૦૯/ર૦૧૦ના રોજથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. અને તેમ કરતા પહેલા અરજદારોના કાયદેસરના હકકોના નાણાં આપેલ નથી.આથી અરજદારોએ આ અરજી કરી તેઓના બાકી પગાર,હકકરજા,બોનસ

અને ઓવર ટાઈમ પગારના મળી કુલ્લે રૂા.૨૪,૪૫,૯૫૦/-મેળવવાની દાદ માંગેલ છે.

૩. સદર કામે અરજદારની અરજી અન્વયે સામાવાળાને ધોરણસરની નોટીસ બજાવવામાં આવેલ, પરંતુ તેઓ તરફે હાજર ન રહેતા અને અરજદારોની અરજી વિરુધ્ધ જવાબ રજુ ન કરતાં આંક-૮ની અરજદારના પ્રતિનિધિની અરજી તથા વિનંતીથી સામાવાળા સંસ્થાનો જવાબનો હકક બંધ કરવામા આવેલ છે. ત્યારબાદ સામાવાળા તરફે આંક-૯ થી તેમના વિ.વ. શ્રી હર્ષદભાઈ પંડયાનું વકીલપત્ર રજુ થયેલ છે. ત્યાર બાદ સદર કામ અરજદારના પુરાવા ઉપર રાખવામાં આવતા અરજદાર તરફે આંક-૧૦ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | પુરાવાની વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | સરકારીમજૂર અધિકારીઆપેલ ફરીયાદની નકલ | ૩૦/૦૬/૨૦૦૦ |
| ૨ | સરકારી મજૂર કમિશ્નરનેઆતેલ ફરીયાદની નકલ | ૧૫/૦૭/૨૦૧૦ |
| ૩ | સીની ફેકટરી ઈન્સપેકટરને આપેલ ફરીયાદની નકલ | ૦૫/૦૭/૨૦૧૦ |
| ૪ | ડાયરેકટર ઈ.એસ.આઈ.ને આપેલ ફરીયાદની નકલ | ૦૫/૦૭/૨૦૧૦ |

૪. આ કામે કુલ ૨૪ કામદારોએ તેમના બાકી નાણાં લેવા માટે અરજી કરેલ છે તે પૈકી આંક-૧૧થી અરજદાર શ્રી અશોક રામનંદને,આંક-૧૨ થી અરજદાર શ્રી રામાઆધાર રામજનમે,આંક-૧૩ થી શ્રી કમલેશ જમનાએ,આંક-૧૪ થી અરજદાર શ્રી રાધા સ્વામી અયોધ્યાયે, આંક-૧૫ થી શ્રી રાજુ ગુપત ચોરસીયાએ, આંક-૧૬ થી શ્રી કપુરચંદ નરેશ શાહે જુબાની સ્વરૂપે સોગંદનામું રજુ કરેલ છે. અરજદારોની સદર

સરતપાસ સામાવાળાની ઉલટ તપાસ માટે રાખવામાં આવતા સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા આંક–૧૭,આંક–૨૦ થી ૨૨ની અરજદારના પ્રતિનિધિશ્રીની અરજી તથા વિનંતીથી સામાવાળાની ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારરાદ અરજદારો તરફે આંક–૨૩ થી શ્રીરમાકાન્ત ગોપાલ શાહે અને આંક–૨૪ થી અરજદાર શ્રી ઉપેન્દ્ર ભિખારીધરે સોગંદનામા પર જુબાની રજુ કરેલ છે. તેની પણ ઉલટ તપાસ માટે સામાવાળા તરફે હાજર ન રહેતા તેમની ઉલટ તપાસનોહકક બંધ કરવામાં આવેલ છે. આંક–૨૬ થી અરજદારે પોતાનો પુરાવો બંધ જાહેર કરેલ છે. ત્યારબાદ સદર કામ સામાવાળાના પુરાવા પર રાખવામાં આવતા,સામાવાળા તરફે કોઈ પુરાવો રજુ કરવામાં ન આવતા આંક–૨૮ની અરજદારના વિધ્વાન પ્રતિનિધિશ્રીની અરજી તથા વિનંતી અન્વયે સામાવાળાનો સાક્ષી પુરાવાનો હકક બંધ કરી આ કામ દલીલ પર રાખવામાં આવેલ, સદર કામે અરજદારના વિદ્ધાન પ્રતિનિધિશ્રીની મૌખિક સાંભળી,દલીલના તબકકે સામાવાળાઓ તથા તેમના તરફે કોઈ હાજર રહેલ નથી.અરજદારના વિદ્ધાન પ્રતિનિધિશ્રીની દલીલો તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતા આ કામના ન્યાય નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.–૧:** શું અરજદારો તેમની અરજીમાં માંગ્યા મુજબની લ્હેણી રકમ સામાવાળા પાસેથી મેળવવા હકકદાર થાય છે.?

**મુદ્દા નં.–૨** શું આખરી હુકમ.?

ઉપરના મુદ્દાઓનો મારો નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં.–૧:</u>** અંશત: હકારમાં.

**<u>મુદ્દા નં.–૨</u>:** આખરી હુકમ મુજબ.

૪. સદર કામે અરજદારોની અરજીની હકિકત જોતાં સદર કામના અરજદારો સામાવાળાની સંસ્થામાં કામદાર તરીકે કામ કરતા આવેલા.અરજદાર અને સામાવાળા વચ્ચે માલિક–કામદારના સંબંધો સ્થાપિત થયેલા. સંસ્થા અરજદારોને તેઓ હાજરીકાર્ડ,પગાર સ્લીપ,વિગેરે આપતા ન હતા.અરજદારોને કોઈપણ જાતના વાંકગુના વિના મૌખિક હુકમથી છુટા કરી દીધેલ. અને તેમ કરતા પહેલા તેમનો બાકી પગાર, હકકરજાના,બોનસ,ઓવર ટાઈમના મળી કુલ્લે રૂા.૨૪,૪૫,૯૫૦/– મેળવવાની દાદ માંગેલ છે.તેમજ અરજદારોએ તેમની અરજીના સમર્થનમાં આંક–૧૧ થી આંક–૧૬ તથા આંક–૨૩ અને ૨૪ સુધી જુબાની સ્વરૂપે સોગંદનામું રજુ કરેલ છે. તેમાં તેઓએ તેમની આંક–૧ની અરજીની હકિકતને સમર્થન આપતી વિગતો જણાવેલ છે. તેમજ આ કામના સામાવાળાને ધોરણસરની નોટીસ બજવા છતાં હાજર રહેલ નથી કે કોઈ રજુઆત કરેલ નથી. તેમજ કેસનું રેકર્ડ જોતાં સામાવાળા હાજર રહેલ નથી અને કોઈ રજુઆત કરેલ નથી. તેથી અરજદારો સામાવાળા પાસેથી ૩ માસનો (એપ્રીલ,મે,જુન–૨૯/૦૯/૨૦૧૦સુધી) બાકી પગારની રકમ નીચે જણાવેલ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની મેળવવા હકદાર થાય છે તેમ ઠરાવવામાં આવે છે.

૫. આ કામે અરજદારોએ તેઓની અરજીમાં હકકરજા,બોનસના તથા ઓવર ટાઈમના નાણાંની માંગણી કરેલ છે. હકકરજા અને બોનસના નીકળતા નાણાં

બાબતે કોઈ પુર્વ પ્રસ્થાપિત હકક રેકર્ડ ઉપર રજુ નથી કે તે અંગે કોઈ હુકમ કે અન્ય કોઈ આધાર પણ અરજદાર તરફે રજુ કરેલ નથી. સંસ્થા તરફથી અરજદારની અરજીનો કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી.પરંતુ કાયદાની જોગવાઈ લક્ષમાં લેતાં અરજદાર તરફે આ કામે બાકી પગાર સિવાય જે નાણાંની માંગણી કરેલ છે તે મેળવવા અરજદારે તેઓનો પ્રસ્થાપિત હકક પુરવાર કરેલ નથી તેમજ અરજદારે સદર નાણાંની ગણતરી કઈ રીતે કરેલ છે તેની સ્પેસીફીક વિગતો પણ રજુ કરેલ નથી તેથી મંજુર કરી શકાય તેમ નથી.

૬. સદર કામે અરજદારે તેઓની અરજીમાં ઓવર ટાઈમની રકમની માંગણી કરેલ છે પરંતુ આ રકમની ગણતરી કઈ રીતે કરેલ છે, કેટલાક કલાક ઓવર ટાઈમ કરેલ છે તેની સ્પેસીફીક વિગતો કે આધાર પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી. આ અંગે નામ.મદ્ધાસ હાઈકોર્ટ(ડીવી બેન્ચ) ૨૦૦૫ એલ.એલ.જે. પાન નં. ૧૪૧ વેલોર કંપની સુગર મીલ્સ એન્ડ પ્રીસાઈડીંગ ઓફીસર લેબર કોર્ટ વાલોરના કેસમાં ઠરાવેલ છે કે કામદારે જયારે ઓવર ટાઈમની કામગીરી કરેલ હોય તો તેઓએ ઓવર ટાઈમની કામગીરી કરેલ છે કે કેમ? તે પુરવાર કરવાની જવાબદારી કામદારની છે અને પ્રસ્થાપિત હકક પુરવાર કર્યા વગર ઓવર ટાઈમની માંગણી કરી શકાય નહિં. આથી અરજદારે તેઓની અરજીમાં ઓવર ટાઈમના નાણાંની જે માંગણી કરેલ છે તે નાણાં મેળવવાનો કોઈ અરજદારે પ્રસ્થાપિત હકક પુરવાર કરેલ ન હોઈ અરજદાર તેઓની આ લેણી રકમ મેળવવા હકકદાર થતા નથી.

૭. આ કામના ૨૪ અરજદારો પૈકી અરજદાર શ્રી દેવેન્દ્ર બનારસ પટેલ,ધર્મવિર શ્રી વિજય પટેલ,અર્જુનસીંગ કેશવસીંગ,અમરોદ બૈજનાથ ઠાકુર, સંતોષ કમતા શર્મા,રવિરંજન મહેન્દ્ર પટેલ,રંજીત અવધેશ શર્મા,હરીશંકર જગનારાયણ,સતેન્દ્ર કેશવસીંગ,રામપાલ શિવદયાલ વર્મા, વિનય રાજેન્દ્ર ઠાકુર, સુજીત જમના શર્મા, કૌશલકુમાર મહેન્દ્રપ્રસાદ, સંજીતકુમાર રમાકાંત,સુનિલકુમાર શિવકુમાર શર્મા, તથા અજય રાજેન્દ્રપ્રસાદ પટેલે આ કામે હાજર રહી કોઈ રજુઆત કરેલ નથી કે તેમની અરજીના સમર્થનમાં સોગંદનામું રજુ કરેલ નથી. તેથી તેઓ કોઈ દાદ મેળવવા હકકદાર થતા નથી.આથી આ કામે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

૧. અરજદારોની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨. સામાવાળા સંસ્થાને આથી હુકમ કરવામાં આવે છે કે,આ ચુકાદાની નકલ મળ્યેથી દિન–૩૦ માં નીચે પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના અરજદારોના બાકી પગારના કુલ્લે રૂ**.૧,૨૬,૬૦૦/– (અંકે રૂપિયા એક લાખ છવ્વીસ હજાર છસો પુરા**) અરજદારોને ચુકવવાના હેતુસર સામાવાળા સંસ્થાએ આ અદાલતમાં જમા કરાવવા.

હુકમ આજરોજ જાહેર કર્યો.

## <u>પરિશિષ્ટ.</u>

| ક્રમ | અરજદાર | બાકી પગાર |
|---|---|---|
| ૧ | અશોક રામનંદન સાવ | ૧૮,૦૦૦/– |
| ૨ | રામઆધાર રામજનમ | ૧૬,૨૦૦/– |
| ૩ | કમલેશ જમના ચોરસીયા | ૧૬,૨૦૦/– |
| ૪ | રાધાસ્વામી અયોધ્યા પંડિત | ૧૬,૨૦૦/– |
| ૫ | રાજુ ગુપ્તા ચોરસીયા | ૧૯,૫૦૦/– |
| ૬ | કપૂરચંદ નરેશ શાહ | ૧૫,૦૦૦/– |
| ૭ | રમાકાંત ગોપાલ શાહ | ૧૪,૪૦૦/– |
| ૮ | ઉપેન્દ્ર ભિખારીશ્વર સાવ | ૧૧,૧૦૦/– |
| | **કુલ** | **૧,૨૬,૬૦૦/–** |

સુરત.
તા.૧૫/૧૦/૨૦૧૮.

**( સુનિલ વામન વાઘ )**
ઓથોરીટી અંડર ધી પે. વે. એક્ટ,
લેબર કોર્ટ,સુરત
U.I.C.NO.GJ01258